આરબીઆઈ/2005-06/181
રેફ. ડીપીએસએસ (સીઓ) નં. 590/01.01.15/2005
17 ઓક્ટોબર, 2005

પ્રતિ,
ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ માં ભાગ લેનાર સર્વે બેન્કસના ચેરમેનશ્રીઓ/ સીઇઓશ્રીઓ

સાહેબશ્રી,

**ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ (ઇસીએસ)**

આપને જાણ છે કે હાલમાં સરકારી ખાતાઓ, કોર્પોરેટ ગૃહો દ્વારા પગાર, પેન્શન, ડિવિડન્ડ, વ્યાજની ચૂકવણી વગેરે માટે ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ નો બહોળો ઉપયોગ થઈ રહ્યો છે.

2. ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ ના આ વધતા ઉપયોગ સાથે તેને લગતી ફરિયાદોમાં પણ વધારો થયો છે. આમાંની મુખ્ય ફરિયાદ એ હોય છે કે બેંક્સ દ્વારા પાસબુક/ ખાતાના સ્ટેટમેન્ટમાંની વિગતો પૂરતી નથી હોતી. જેથી ગ્રાહકોને તકલીફ પડે છે. આપને જાણ થાય કે, સીએપીપીએપીએસ (તારાપુર કમિટી) એ બેન્કસ દ્વારા ગ્રાહકના ખાતાની બેનંબરની સંપૂર્ણ જાણકારી તેના સ્ટેટમેન્ટમાં હોવા પર ભાર મૂક્યો છે.

3. અહીં જણાવવાનું કે ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ રિપોર્ટ આ વપરાશકર્તાના નામ ટુંકા અક્ષરોમાં જો મૂકવામા આવે તો બેન્કસને ખાતાની લેનદેનના સ્ટેટમેન્ટ બતાવવામાં આસાની રહે. આ ટૂંકુ નામ જરૂર ી જગ્યાઓ પર મૂકી તેનો યોગ્ય ઉપયોગ કરવો.

4. આથી આપ સર્વેને વિનંતી છે કે આપ આપની તમામ શાખાઓને ઈલેક્ટ્રોનિક ક્લિયરિંગ સર્વિસ થી જમા થયેલા નાણાંની વિગતો પણ તેમના દ્વારા બનાવવામાં આવતા સ્ટેટમેન્ટમાં આવરી લેવા. આ પદ્ધતિને બને તેટલી સરળ બનાવવા યોગ્ય પગલાં લેવા.

5. અન્ય ઇલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ જેવી કે ઇએફટી, એસઇએફટી, આરટીજીએસ વગેરેમાં પણ મોકલનારની વિગતો માટે ઉપરોક્ત પ્રમાણે કાર્યવાહી કરવી.

આપનો વિશ્વાસુ

સહી

કઝા સુધાકર
મુખ્ય પ્રબંધક